# આગામી પાંચ દિવસ યલો અને ઓરેન્જ એલર્ટની આગાહી

## ગુજરાતમાં આગામી પાંચ દિવસ ભારે ગરમી પડી શકે છે : રાજ્યમાં ૯ મેએ યલો એલર્ટ રહેશે તો ૧૦ અને ૧૧ મેએ ઓરેન્જ એલર્ટ જ્યારે ૧૨ તારીખે યલો એલર્ટની આગાહી

અમદાવાદ, તા.૮

રાજ્યમાં કમોસમી વરસાદ બાદ હવે ભારે ગરમી પડી રહી છે. લોકો ગરમીને કારણે સતત પરેશાન થઈ રહ્યાં છે. કમોસમી વરસાદ બાદ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીનો પાસો ઉંચો જશે. રાજ્યભરમાં આગામી પાંચ દિવસમાં ત્રણ ડિગ્રી સુધી ગરમીનો પારો વધી શકે છે. હવામાન વિભાગે ઓરેન્જ અને યલો એલર્ટ સાથે મોટા વાવાઝોડાની રાજ્ય પર શું અસર પડશે તેની માહિતી પણ આપી છે.

રાજ્યના હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ કહ્યુ કે, રાજ્યમાં પાછલા દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલીક જગ્યાએ કમોસમી વરસાદ પડ્યો હતો. તેમણે કહ્યું કે હવે વાદળાઓ વિખેરાઈ ગયા છે. એટલે કે હવે રાજ્યમાં તાપમાન વધશે. હવામાન વિભાગે કહ્યું કે, રાજ્યમાં ૯ મેએ યલો એલર્ટ રહેશે. તો ૧૦ અને ૧૧ મેએ ઓરેન્જ એલર્ટ. જ્યારે ૧૨ તારીખે યલો એલર્ટની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે ગુજરાતમાં મોચા વાવાઝોડાની કોઈ અસર થશે નહીં. રાજ્યમાં વાતાવરણ સૂકુ રહે તેવી સંભાવના છે. તો આગામી પાંચ દિવસ વરસાદની કોઈ શક્યતા નથી. મનોરમા મોહંતીએ જણાવ્યું કે, વાવાઝોડાની અસર હાલ પશ્ચિમ બંગાળ પર છે. જેના કારણે રાજ્યના તાપમાનમાં વધારો થઈ શકે છે. તેમણે કહ્યું કે, અત્યાર સુધી રાજ્યમાં તાપમાન નીચું રહ્યું છે.

રાજ્યના હવામાન વિભાગે અમદાવાદ માટે પણ આગાહી કરી છે. તેમણે કહ્યું કે અમદાવાદમાં બે દિવસ યલો એલર્ટ રહેશે. જ્યારે ૧૦ અને ૧૨ મેએ અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ રહેશે. ત્યારબાદ ૧૨ મેએ ફરી અમદાવાદ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. એટલે કે આગામી દિવસોમાં અમદાવાદના લોકોએ ભારે ગરમીનો સામનો કરવો પડશે.

### ગુજરાતમાં બિહારવાળીથી ચકચાર

# વાપીમાં ભાજપના નેતાની ગોળી મારીને હત્યા કરાઈ

## બાઈક પર આવેલા શખસો ફાયરિંગ કરીને ફરાર આરોપીઓને શોધવા પોલીસ દોડતી થઈ

વાપી, તા.૮

વાપીમાં ભાજપ નેતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર બાઈક પર આવેલા શખસો ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતા. જેમાં ગંભીર રીતે ધવાયેલા ભાજપ નેતાનું મોત નીપજતાં પોલીસ દોડતી થઈ છે અને બનાવને પગલે ગુનો દાખલ કરીને અજાણ્યા શખસોની શોધખોળ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર મૃતકની ઓળખ વાપી તાલુકા ભાજપ ઉપપ્રમુખ શૈલેષ પટેલ તરીકે થઈ છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ ચાલુ છે. મીડિયા રિપોર્ટ અનુસાર વાપીના તાલુકા ભાજપના ઉપ પ્રમુખની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર શૈલેષ પટેલ પરિવાર સાથે મંદિરે દર્શન માટે ગયા હતા ત્યારે શૂટર્સ બાઈક પર આવ્યા અને ઘટનાને અંજામ આપીને ફરાર થઈ ગયા હતા. જૂની અંગત અદાવતમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી



હોવાનું પ્રાથમિક અનુમાન છે. સ્થાનિક પોલીસ દ્વારા તપાસ ચાલુ છે. મીડિયા રિપોર્ટ અનુસાર શૈલેષ પટેલ સોમવારે પત્ની સાથે શિવ મંદિરે દર્શન કરવામાં આવતા હતા. સવારે ૭ વાગ્યાની આસપાસ પત્ની મંદિરની અંદર ગયા જ્યારે શૈલેષ પટેલ ગાડીમાં જ બેસીને પત્નીની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની કાર પાસે એક બાઈક આવીને ઉભી રહી. શૈલેષ પટેલ કઈ સમજે તે પહેલાં જ શખ્સોએ તેમના પર ધડાધડ ફાયરિંગ કરી નાખ્યું. ૩ ગોળી વાગતા શૈલેષ પટેલ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યા. પત્ની જ્યારે મંદિરેથી દર્શન કરી તરફ આવ્યા અને ગાડીનો દરવાજો ખોલ્યો તો ત્યાં પતિને લોહીલુહાણ હાલતમાં જોઈ બૂમાબૂમ કરી મૂકી હતી. ત્યારબાદ શૈલેષ પટેલને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટર દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવતા પરિવાર પર આભ ફાટી પડ્યું છે. બનાવની જાણ થતાં વલસાડ જિલ્લા પોલીસ અને જિલ્લા ભાજપના નેતાઓ અને અગ્રણીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

## અમીરગઢના નીચલાબંધના નિવૃત જવાને બ્લેકમેલરોના ત્રાસથી જીવન ટૂંકાવ્યું

અમીરગઢ તાલુકાના નીચલાબંધના નિવૃત બીએસએફ જવાન વાઘજીભાઈ ચમનાજી પ્રજાપતિ (ઉ.વ.૫૫) એ ૬ ઓકટોબર ૨૦૨૨ ના દિવસે પાલનપુર નજીક ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યો હતો. પરિવારજનોએ તેમના મોબાઈલ ફોનની તપાસ કરતાં સુખદેવકુંવર, શીમ્ભુ કાળુરામ અને કરણ રાકેશકુમારે તેમને બ્લેકમેઈલ કરી જુદાજુદા સમયે રૂપિયા ૩,૮૩,૬૪૦ ઓનલાઈન ખાતાઓઓમાં ટ્રાન્સફર કરાવી પડાવી લીધા હોવાનું ખુલ્યું હતુ.

અને તેમના ત્રાસથી જ વાઘજીભાઈએ આપઘાત કર્યો હતો. આ અંગે મૃતકના પુત્ર યશવંતકુમાર વાઘજીભાઈ પ્રજાપતિએ ત્રણેય શખ્સો સામે અમીરગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે દુષ્પ્રેરણનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં પ્રથમ વખત ડિજિટલ પેપરલેસ પરીક્ષા

## વિદ્યાર્થીઓએ ટેબલેટમાં જવાબો લખ્યા : વાર્ષિક પરીક્ષામાં ચારૂસેટની ૯ કોલેજોના ૯૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ પેપરના બદલે પેપરલેસ ડિવાઇસ ટેબલેટ પર પરીક્ષા આપી

અમદાવાદ, તા.૮

પર્યાવરણ બચાવો, વૃક્ષો વાવો, તેવા સ્લોગન સાથે અનેક જાગૃતિ અભિયાન જોવા મળે છે, પરંતુ વૃક્ષો વાવવાની સાથે વૃક્ષો બચાવવા પણ એટલા જ જરુરી છે. ત્યારે રાજયની ખાનગી યુનિવર્સિટીની પહેલ પર્યાવરણ બચાવવા માટે જોવા મળી. આ યુનિવર્સિટીએ રાજયમાં પહેલીવાર વાર્ષિક પરીક્ષા ડિજિટલ પેપરલેસ પરીક્ષા યોજી અનોખું ઉદાહરણ પુરું પાડ્યું છે. યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષામાં ૯ કોલેજના ૯ હજાર વિદ્યાર્થીઓ પેપરના બદલે પેપરલેસ ડિવાઈસ ટેબલેટ પર પરીક્ષા આપી રહ્યાં છે. યુનિવર્સિટીના તજજ્ઞોનું માનવું છે કે, અત્યારે આ એકઝામથી ૧૨ લાખ પેપર એટલે કે લગભગ ૧૫૦ વૃક્ષોને બચાવી પર્યાવરણની જાળવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં સૌપ્રથમ ચારૂસેટ યુનિવર્સિટી દ્વારા ડિજિટલ પેપરલેસ એકઝામિનેશન શરૂ કરવામાં આવી છે. હાલમાં યોજાઈ રહેલી વાર્ષિક પરીક્ષામાં ચારૂસેટની ૯ કોલેજોના ૯૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ પેપરના બદલે પેપરલેસ ડિવાઈસ ટેબલેટ પર પરીક્ષા આપી રહ્યા છે. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અને એક્ઝામ કંટ્રોલર ડૉ. અતુલ પટેલ જણાવે છે કે, પરીક્ષા માટે ૧૨૫૦ ટેબલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રશ્નપત્રો કોમ્પ્યુટરમાંથી કલાઉડ પર જાય અને ટેબલેટમાં અપલોડ થાય છે.

પરીક્ષામાં આઈરિસ સ્કેનથી ઓથેન્ટીફિકેશન થાય છે. ટેબલેટ ડિવાઈસ બેટરી બેક અપ ૧૬ કલાક છે. ઈન્ટરનેટની જરૂર પડતી નથી અને વાઈફાઈ કનેકશનથી ચાલે છે. શરૂઆતમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે પેપરલેસ પરીક્ષાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. હવે તમામ વર્ષના વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ ડિજિટલ પેપરલેસ પરીક્ષા લેવામાં આવી રહી છે. આ એનવાયર્નમેન્ટ ફ્રેન્ડલી સિસ્ટમથી પેપરનો બચાવ અને પર્યાવરણનું જતન વધારે થાય છે.

ઉપરાંત ઉત્તારવહીઓ, પ્રશ્નપત્રો, હૉલ ટિકિટમાં વપરાતા પેપરનો બચાવ થઈ રહ્યો છે, જેના થકી પર્યાવરણના જતનની સાથે-સાથે પરીક્ષા પદ્ધતિની ગુણવત્તામાં વધારો થઈ રહ્યો છે. આ એકઝામથી અમે અત્યારે ૧૨ લાખ પેપરનો બચાવ કરી પર્યાવરણનું રક્ષણ કરીશું. આ પરીક્ષાની વિશેષતા એ પણ છે કે, વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે કશું સાથે લાવવાની જરૂર નથી, પરીક્ષા પછી બધા જ પ્રશ્નપત્રો કલાઉડ-ઈન્ટરનેટ પર જાય પછી પ્રોફેસરો લૉગ ઈન કરી ઈવેલ્યુએશન કરી ચેક કરી શકે છે અને રીમાર્ક-સર્કલ-ટીક કરી શકે છે. જેના કારણે સરળતા રહે છે. પરીક્ષા દરમિયાન વાપરવામાં આવતી હૉલ ટિકિટ, ઉત્તારવહીઓ, પુરવણીઓને બદલે વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં આવે છે. જેમાં હૉલ ટિકિટથી માંડીને પ્રશ્નપત્રો આપેલા હોય છે અને આ જ ટેબલેટમાં વિદ્યાર્થીઓ જવાબ લખે છે. ટેબલેટ પર સ્ટાઈલક પેનથી લખવામાં આવે છે.

પેપરલેસને લગતા તમામ ઓપરેશન્સ જેમ કે સોફટવેરમાં એકઝામ શિડયુઅલ કરવી, વિદ્યાર્થીઓ માટે ડિવાઈસ તૈયાર કરવા, શિક્ષકોને આન્સર સ્ક્રીપ્ટ તપાસવા આપવી વગેરે ધ્યાનમાં રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓએ આપેલા ઉત્તરોનું મૂલ્યાંકન પણ કલાઉડ પ્લેટફોર્મ મારફતે ઓનલાઈન થાય છે.



વરસાદી માવઠાં બાદ કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચુકી છે ત્યારે અબોલ જીવો પણ ગરમીથી ત્રસ્ત થઈ રહયા છે. રાજ્યમાં વધી રહેલ ગરમીના કારણે બગીચામાં પાણીનો છંટકાવ માટે મુકાયેલ પાઈપમાંથી નીકળી રહેલ પાણીથી પક્ષીઓ ઠંડક મેળવી રહ્યા છે અને તરસ છીપાવી રહ્યા છે.

### આરોગ્ય સાથે ચેડાં કરતાં વેપારીઓ સામે વિભાગે દંડો ઉગામ્યો

# ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ૭૫૮ કિલો નકલી મરચું ઝડપ્યું

## બાતમીના આધારે બે દિવસ સુધી સ્થળ પાસે રેકી કરી હતી, જે બાદ મોડી રાત્રે દરોડો પાડીને સફળ ઓપરેશન પાર પાડ્યું હતું

મહેસાણા, તા.૮

રાજ્યમાં નકલી ખાદ્ય વસ્તુઓ સામે આરોગ્ય વિભાગે તવાહી બોલાવી છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં વેપારીઓ સામે આરોગ્ય વિભાગે દંડો ઉગામ્યો છે. નકલી પનીર બાદ હવે મહેસાણામાંથી નકલી મરચાનો જથ્થો પકડાયો છે. ૭૫૮ કિલો કલર ચડાવેલું નકલી મરચું પકડાયું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વિજાપુરમાં રેડ પાડતાં નકલી મરચાનો પર્દાફાશ થયો હતો. માર્કેટમાંથી ખાદ્ય મસાલા લેતા પહેલા સાવધાન રહેજો. મહેસાણામાંથી નકલી મરચાંનો જથ્થો પકડાયો છે. ૭૫૮ કિલો કલર ચડાવેલું નકલી મરચું પકડાયું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વિજાપુરમાં રેડ કરી હતી.

વિજાપુર હિંમતનગર હાઈવે પર આ કારોબાર ચાલતો હતો. પ્લોટ નંબર ૪૨માં નકલી મરચાનો ગોરખધંધો ચાલતો હતો. મહેશ પુનમચંદ મહેશ્વરી નામનો આરોપી નકલી મરચું બનાવતો હતો. સ્થળ પરથી ૫ લાખ કરતા વધુ નકલી મરચું પકડાયું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે બાતમીના આધારે બે દિવસ સુધી સ્થળ પાસે રેકી કરી હતી. જે બાદ મોડી રાત્રે દરોડો પાડીને સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વિજાપુરમાં રેડ કરી હતી. વિજાપુર હિંમતનગર હાઈવે પર આ કારોબાર ચાલતો હતો. સ્થળ પરથી ૫ લાખ કરતા વધુ નકલી મરચું પકડાયું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે બાતમીના આધારે બે દિવસ સુધી સ્થળ પાસે રેકી કરી હતી. જે બાદ મોડી રાત્રે દરોડો પાડીને સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ કરી વધુ નફો કમાવવાની લાલચે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતાં હોય છે.

આરોગ્ય વિભાગ દ્વારા સમયાંતરે કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે, ત્યારે રાજકોટ આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું હતું અને નકલી પનીરનો પર્દાફાશ કર્યો હતો. તાજેતરમાં જ આરોગ્ય વિભાગની ટીમે દરોડા પાડી પનીરનો જથ્થો જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સરદારનગરમાં પાન સેન્ટરની આડમાં બિયર બાર ઝડપાયું

## પાન પાર્લરની આડમાં દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે ત્યારે કેટલાક બુટલેગર્સ પોતાના ઘરમાં બેસાડીને દારૂ પીવડાવે છે

અમદાવાદ, તા.૮

પાન પાર્લરને બિયર બાર બનાવી દીધો હોવાની ઘટનાનો પર્દાફાશ ક્રાઈમ બ્રાંચે કર્યો છે. અમદાવાદના સરદારનગર વિસ્તારમાં હરિયાળી પાન સેન્ટરની આડમાં ચાલતા દારૂના અડ્ડા પર ક્રાઈમ બ્રાંચ ત્રાટકી હતી અને દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ઓઈસ બોક્સમાંથી ક્રાઈમ બ્રાંચને દારૂની બોટલ તેમજ બિયરનાં ટીન મળી આવ્યાં છે. દારૂડિયાઓ ટોળું કરીને ઊભા હતા ત્યારે ક્રાઈમ બ્રાંચ ત્રાટકી હતી, જેથી તમામ દારૂડિયાઓ નાસી છૂટ્યા હતા. બુટલેગરે પાન સેન્ટરની આડમાં બિયર બાર શરૂ કર્યો હતો, જ્યાં તે દારૂડિયાઓ પાસેથી મનફાવે તેવા રૂપિયા લઈને દારૂ પીવાની સુવિધા આપતો હતા. ક્રાઈમ બ્રાંચે રેડ કરતાં બુટલેગર પણ દારૂડિયાઓ સાથે નાસી છૂટ્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે સરદારનગર વિસ્તારમાં આવેલા હરિયાળી પાન પાર્લરમાં ઠંડાં પીણાંની આડમાં દારૂનો ખુલ્લેઆમ ધંધો થઈ રહ્યો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ છારાનગર રોડ પર આવેલા હ?રિયાળી પાન સેન્ટર પાસે પહોંચી ગઈ હતી. પાન સેન્ટર પાસે દારૂડિયાઓનું ટોળું ઊભું હતું, જે ક્રાઈમ બ્રાંચને જોઈને નાસી ગયું હતું. ક્રાઈમ બ્રાંચે પાન સેન્ટરમાં પહોંચીને તપાસ કરી તો આઈસ બોક્સમાં દારૂની બોટલો મળી આવી હતી. ક્રાઈમ બ્રાંચને ૮૬ દારૂ અને બિયરની બોટલો મળી આવી હતી. ક્રાઈમ બ્રાંચે તપાસ કરી તો આ પાન સેન્ટરનો માલિક રીપેશ ઉર્ફે લુકડી ધીરસિંહ માંચરેક છે. ક્રાઈમ બ્રાંચે રીપેશ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

# રાજ્યના સરકારી કર્મચારીઓના ફોનમાં વોડાફોન અને આઈડિયાની સર્વિસ બંધ

## દરેક કચેરીને તાત્કાલિક અસરથી ફેરફાર કરવા આદેશ આપ્યો : સરકારના પરિપત્ર પ્રમાણે ૩૭.૫૦ના માસિક રેન્ટલ પર જીયોનો સીયુજી પ્લાન લઈ શકાશે

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં સરકારી કર્મચારીઓ અત્યાર સુધી જે સરકારી મોબાઈલ નંબરનો ઉપયોગ કરતાં હતાં તે વોડાફોન અને આઈડિયાની જગ્યાએ હવે રિલાયન્સના જીયોના નંબર વાપરવા માટે સરકારે પરિપત્ર કરીને જાણ કરી છે. સરકારના પરિપત્ર પ્રમાણે ૩૭.૫૦ના માસિક રેન્ટલ પર જીયોનો સીયુજી પ્લાન લઈ શકાશે. કોઈપણ મોબાઈલ ઓપરેટર કે લેન્ડલાઈન પર ફ્રી કોલિંગ અને ૩ હજાર એસએમએસ ફ્રી રહેશે ત્યારબાદ પ્રતિ એસએમએસના ૫૦ પૈસા ચાર્જ લાગશે. આ સિવાય આંતરરાષ્ટ્રીય એસએમએસ કરવા પર ૧.૨૫ રૂપિયાનો ચાર્જ લાગશે. હવે રાજ્ય સરકારના હજારો મોબાઈલ ફોન પર રિલાયન્સ જીયો ચાલશે. સરકારી કર્મચારીઓ પાસે જે નંબરો છે તે નહીં બદલાય પણ તેની કંપની બદલાઈ જશે. રાજય સરકારે પરિપત્ર પાઠવીને દરેક કચેરીને તાત્કાલિક અસરથી ફેરફાર કરવા આદેશ આપ્યો છે. વર્ષો જૂની મોબાઈલ કંપની બદલવા પાછળનું કારણ હજી જાહેર થયું નથી. પરંતુ કંપની બદલાવાના પરિપત્રથી સરકારી કચેરીઓમાં કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ સર્જાયો છે

### ધમધમાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્લાય, માર્ગ-મકાન વિભાગ, ખાણ-ખનીજ અને જી.આઈ.ડી.સી. તેમજ શહેરી વિકાસ વિભાગના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતવિધિ તેમના હસ્તે કરવામાં આવશે.

તંત્ર દ્વારા હાલ આ આયોજનોને આખરી ઓપ આપવા માટે બેઠકોનો દોર ચાલી રહ્યો છે અને એકાદ દિવસમાં તે આખરી કરી દેવામાં આવશે.

તંત્ર દ્વારા હાલ તો તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શિક્ષકોના રાષ્ટ્રીય અધિવેશનના સ્થળે ડામર માર્ગ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તે કાર્ય પણ એકાદ-બે દિવસમાં પૂર્ણ થઈ જશે. ૧૦મીએ સાંજ સુધીમાં તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે.

તંત્રના વિવિધ અધિકારીઓને પણ વિવિધ કામગીરી માટેની ફરજોના હુકમો પણ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

### ૪૪ ડિગ્રી સુધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શકે મધ્યગુજરાતના ભાગોમાં મહત્તમ તાાપમાન ૪૩ ડીગ્રી ને પાર કરી જશે. ગાંધીનગર અમદાવાદમાં પણ આકરી ગરમી પડશે ઉત્તર ગુજરાતના વિસ્તારમાં પણ અસહ્ય ગરમી પડશે. જયારે ઉત્તર સૌરાષ્ટ્રમાં પણ ગરમી રહેશે. ગંગા જમનાના મેદાની ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાનને પાર કરી જાય હાલમાં પશ્ચિમ બંગાળમાં જોરદાર વાવાઝોડુ આવવાની સંભાવના છે. આ વાવાઝોડુ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે જયારે અરબસાગરનો ભેજ ખેંચતા અરબસાગરમાં બનતી હળવા દબાણની સ્થિતને હળવા પ્રકારના સાયકલોનને વિખેરી નાંખે જેના લીધે ગુજરાત સહીત દેશના ભાગોમાં ગરમી પડશે. તા ૧૦ અને ૧૧ થી કૃતિકા નક્ષત્ર સુર્ય આવતા ભારે આંધી વંટોળનુ પ્રમાણ વધશે. જયારે વંટોળિયા ફુંકાશે. કૃતિકા નક્ષત્રમાં છાંટા પડે તો સારુ ગણાય છે. આ નક્ષત્રમાંથી વૈશાખી વાયરા ફુંકાવાની શરૂઆત થઈ જશે. તા ૧૮ અને ૧૯ મેં ના રોજ પણ આંધી વંટોળ ગરમી રહેશે જયારે કોઈક ઠેકાણે છાંટા પડી શકે તા ૨૨, ૨૩ અને ૨૪ માં રાજયના કેટલાક ભાગોમાં વરસાદ થઈ શકે તેવી સંભાવના છે. તા ૨૮ મેં થી ૧૦ જુન સુધીમાં અરબસાગરમાં હલચલ થવાના લીધે હળવા પ્રકારનુ ચક્રવાત આવી શકે જો તેનો માર્ગ ગુજરાત તરફ હશે તો રોહીણી નક્ષત્રમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં સારો વરસાદ થશે. જયારે તેનો માર્ગ ઓમાન તરફ હોય તો પશ્ચિમ સૌરાષ્ટ્રના અને કચ્છના ભાગોમાં વરસાદ થઈ શકે. હાલમાં આવતા બંગાળના ઉપસાગરનુ વાવાઝોડુ તા ૧૧ થી ૧૮ મેં દરમિયાન ઉગ્ર બનશે. પશ્ચિમ બંગાળ તેમજ મ્યાનમાર સહીતના ભાગોમાં ભારે વરસાદ થઈ શકે. આ વાવાઝોડુ જબરદસ્ત બની શકે તેવી પણ સંભાવના છે. જયારે આ દરમિયાન દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પશ્ચિમી વિક્ષેપ આવવાની સંભાવના રહેશે.

### બેઠક યોજશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરના ઉદ્યાનોની સફાઈ માટે યોગ્ય ગુણવત્તા સાથેના સાધનો એજન્સીઓ દ્વારા તેના માણસોને ન અપાયા હોવાની વાતો પણ બહાર આવી છે એટલુ જ નહિ તેની સફાઈ અને જાળવણી જે હરિયાળી છે તેની યોગ્ય રીતે ન થતુ હોવાનું તંત્રના ધ્યાને આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ ઉદ્યાનોમાં આગામી દિવસોમાં વૃક્ષારોપણ કરવા ઉપરાંત સૌ માટે મનમોહક બની રહે તેવા બનાવવા પર તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. બગીચાઓની આસપાસ દબાણો ઉભા ના થાય તેમજ બાળકો ખુલ્લામાં યોગ્ય રીતે રમી શકે તે પણ તંત્ર દ્વારા જોવામાં આવશે. કેટલાક બગીચાઓમાં બાળકોના રમતના સાધનો તુટી ગયાનું પણ ધ્યાને આવ્યુ છે. ગ્રીન ગાંધીનગરની થીમને આગળ ધપાવવા હવે તંત્ર ઉદ્યાનો પર વિશેષ ધ્યાન આપશે.

શહેરમાં બે ખાસ નર્સરી નિર્માણના ટેન્ડરને પણ તાજેતરમાં સ્થાયી સમિતિમાં બહાલી આપવામાં આવી છે જે નોંધનીય છે.

### બોટ ડૂબતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુની સાથે પીએમ મોદીએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. પીએમ મોદીએ મૃતકના પરિવારજનોને રુપિયા બે લાખની રાહત આપવાની જાહેરાત કરી છે. પીએમઓએ પીએમના હવાલાથી ટ્વિટ કર્યુ છે કે, કેરળના મલપ્પુરમમાં બોટ દુર્ઘટનામાં લોકોના મોતથી દુઃખ છે. મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના. ઁસ્દ્ગઇહ્લથી બે લાખ રુપિયાની રાહત દરેક મૃતકના પરિવારજનોને આપવામાં આવશે. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પીકે કુન્હાલીકુટ્ટીએ તાનુરના પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, એવું માનવામાં આવી રહ્યું છે કે, બોટમાં ક્ષમતા કરતા પણ વધારે લોકો સવાર હોવાથી બોટ ડૂબી હોઈ શકે છે. આ બોટ સાંજે છ વાગે મુસાફરોને લઈને નીકળી હતી, એવું માનવામાં આવી રહ્યું છે કે, આ મામલે નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. જો કે, પોલીસના જણાવ્યા મુજબ આ ઘટના સાંજે સાત વાગે બની હતી. બીજી તરફ, કોંગ્રેસના પૂર્વ ચીફ રાહુલ ગાંધીએ પણ ટ્વિટ કરીને મૃતકોના પરિવારજનો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કર હતી. તેઓએ કહ્યું કે, મલપ્પુરમમાં એક બોટ ડૂબવાના સમાચાર સાંભળીને દુઃખી છું. પોતાના પ્રિયજનોને ગુમાવનારા લોકો પ્રત્યે મારી સંવેદના છે અને હું ઘાયલો જલ્દીથી સાજા થઈ જાય એવી પ્રાર્થના કરું છું. હું કોંગ્રેસના કાર્યકર્તાઓને બચાવ અભિયાનમાં મદદ કરવા માટે અપીલ કરું છું.

### વિશાળ ભંડાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીન અને યુએસ છે. આવી સ્થિતિમાં જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનમાં આટલા મોટા પાયા પર લિથિયમની શોધથી ભારત માટે એક નવી સિદ્ધિ છે. અત્યાર સુધી ભારતે ઉત્પાદન માટે બહારના કેટલાક દેશો પર નિર્ભર રહેવું પડતું હતું. એક રિપોર્ટ અનુસાર ભારત હવે લિથિયમ ભંડારની બાબતમાં પમો દેશ બની ગયો છે.

અત્યારે ભારતમાં પેટ્રોલ-ડીઝલ સિવાય ઈલેક્ટ્રિક વાહનોની ચર્ચા જોરમાં છે. દરમિયાન, લિથિયમની આટલી મોટી શોધ ઈલેક્ટ્રિક સેક્ટર માટે પણ ફાયદાકારક બની શકે છે. લિથિયમનો ઉપયોગ આ પ્રકારના વાહનોની બેટરી બનાવવા માટે થાય છે. લિથિયમ લેપટોપ, ફોનની બેટરીમાં પણ મોટી ભૂમિકા ભજવે છે.

### મુંબઈ એરપોર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એવી વ્યવસ્થા કરાઈ હતી. પરંતુ આની તસ્કરી માટે નવો કિમિયો અપનાવ્યો હતો. આ કેપ્સ્યૂલ શરીરમાં છુપાવી હેરાફેરી કરતા હતા. જોકે આ દરમિયાન શરીરમાંથી સોનાની કેપ્સ્યૂલ બહાર કાઢવા માટે તેઓ એરપોર્ટ પરનાં વોશરૂમનો ઉપયોગ કરતા હતા. એટલું જ નહીં અહીં કામ કરતા કેટલાક સ્ટાફ મેમ્બર્સ ત્યાર પછી તસ્કરોએ જ્યાં સોનુ છુપાવ્યુ હોય ત્યાંથી લઈ લેતા હતા. આ પ્રમાણે સોનાની હેરાફેરી થઈ રહી હતી.

ડીઆરઆઈએ જેની ધરપકડ કરી એમાંથી એક શખસ ડ્યૂટી ફ્રી શોપમાં કામ કરતો હતો, જ્યારે બીજો શખસ ફૂડ સ્ટોરમાં કાર્યરત હતો. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા પ્રમાણે ભારતમાં સતત કિમતી ધાતુની દાણચોરી વધી રહી છે. અગાઉના વર્ષોની સરખામણીમાં ભારતમાં સોનાની દાણચોરીમાં ૩૩ ટકાનો વધારો નોંધાયો છે.

વળી સોનાના ભાવ ૬૦ હજારથી પાર જતા હવે દાણચોરીમાં પણ નફો ૨૦ ટકા સુધી વધી ગયો છે. વળી ડીઆરઆઈને ડ્યૂટી ફ્રી શોપમાં કામ કરતા સ્ટાફ મેમ્બર પાસેથી ૨.૧૫ કિલો વજનના સોનાની કેપ્સ્યૂલ મળી આવી હતી. ડીઆરઆઈએ આ સોનાની દાણચોરીનું ઓપરેશન પાર પાડ્યું હતું. તેમણે તપાસ દરમિયાન જણાવ્યું કે બેંગકોકથી આવતો શખસ અહીં એરપોર્ટમાં હાજર વ્યક્તિને સોનાની કેપ્સ્યૂલ આપવા જતો હતો. જોકે આ દરમિયાન બંને વચ્ચે સોનાની કેપ્સ્યૂલની આપ લે થાય એ સમયે ધરપકડ કરી દેવામાં આવી હતી.

### મિગ-૨૧ ક્રેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો હાજર હતા. જે બધા જ મૃત્યુ પામી ચૂક્યા છે. જોકે માહિતી અનુસાર પેરાશૂટની મદદથી જમ્પ લગાવીને બંને પાઈલટોએ પોતાનો જીવ બચાવ્યો હતો. આ મામલે વાયુસેનાએ નિવેદન જાહેર કર્યું હતું.

આ નિવેદનમાં જણાવાયું હતું કે આ દુર્ઘટના દરમિયાન મિગ-૨૧ વિમાન ટ્રેનિંગ પર ઉડાન ભરી રહ્યું હતું. દુર્ઘટનાના કારણો જાણવા માટે તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. સુરતગઢની નજીકમાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

### આત્મનાદ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

અપેક્ષા એટલે માગવાની વાત. જ્યાં લેવા અને માગવાની વાત આવે ત્યાં લાગણીની વાત ન હોય. ત્યાં તકલીફો જન્મે. વહેતી નદી જેવા થવુ પડે. નદી વહેતી જાય અને આપતી જાય એટલે એનું જળ મીઠું હોય, સાગર લેતો જાય અને આપે કંઈ નહીં એટલે એનું જળ ખારું લાગે. કોઈ પાસેથી લેવાની અપેક્ષા હોય એટલે ખારાશ જ આવે. જીવન બીચારું બાપડું અને દયામણું જ લાગે. કોઈપણ અપેક્ષા વગર જીવવાની કેવી મજા હોય એ તો જ્યારે અપેક્ષાઓ છોડાય પછી ખ્યાલ આવે. કોઈ પણ અપેક્ષા આકાંક્ષા વગર આનંદના આકાશમાં મુક્ત મને ઉડવાની કેવી મોજ હોય એનો અહેસાસ જ અનેરો હોય છે. ઓશો કહે છે, 'પકડવું બહું આસાન છે, છોડવું જ અઘરું છે.' એકવાર અપેક્ષા છોડીને જીવવાની આદત પડે પછી મસ્તીના મહાસાગરમાં મહાલવાની મજા આવે.

**ધબકાર :**

**અપેક્ષાઓ ન હોય તો હિમાલય જેવડી મોટી મુશ્કેલીઓ નાની અમથી રાયના દાણા જેવી લાગે.**